# બનાસકાંઠામાં લોખંડી પોલીસ બંદોબસ્ત

**પ્રધાનમંત્રીના આગમનને પગલે તૈયારીઓ પૂરજોશમાં : જિલ્લા પોલીસ વડાની સુરક્ષા વ્યવસ્થા પર નજર**





પાલનપુર, તા.૯

ભારતના પ્રધાનમંત્રી બનાસકાંઠાની મુલાકાતે આવી રહ્યા છે ત્યારે બનાસકાંઠામાં લોખંડી પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે. તેમજ હાલમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગમનની તૈયારીઓ પુરજોશમાં ચાલી રહી છે.

આ પ્રસંગે ગુજરાતના ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજા, રાજ્ય આરોગ્ય પ્રધાન શંકરભાઈ ચૌધરી સહીતના મંત્રીઓ અને જિલ્લા કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી તેમજ જિલ્લા પોલીસ વડા દ્વારા જિલ્લામાં બેઠકો સહીત સભાસ્થળની રૂબરૂ મુલાકાતો થકી આવતીકાલ માટે રૂબરૂ મુલાકાત લઈ સુરક્ષા વ્યવસ્થા પર નજર રાખી રહ્યા છે. દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી બનાસકાંઠા જિલ્લાની જીવાદોરી સમાન બનાસ ડેરીના ચીજ પ્લાન્ટના ઉદઘાટન માટે ડીસા આવી રહ્યા છે. ત્યારે હાલમાં નોટબંદીના નિર્ણયને લઈને કોઈ વિશેષ નિવેદન કરે તેવી પણ સંભાવનાઓ છે જેના પગલે અંદાજિત ૨ લાખથી વધુની જનમેદની જાહેર સભામાં આવે તેવી શયક્તા છે.

પોલીસ વિભાગ દ્વારા ૩૦૦૦થી વધુ પોલીસ જવાનો સહીત ૧૪થી વધુ આઈપીએસ કક્ષાના અધિકારીઓબંદોબસ્તમાં ગોઠવાયા છે. તેમજ આ પ્રસંગે જાહેરસભામાં આવનારા તમામ લોકોને સરળતા સહીત પૂર્ણ સુરક્ષા મળે તે માટે વિવિધ ચેક પોસ્ટ ઉભી કરાઈ છે. તેમજ જિલ્લાની તમામ મુખ્ય ચેકપોસ્ટ પર રાઉન્ડ ધી ક્લોક ચેકીંગ શરૂ કરાયું છે.

## આજે વડાપ્રધાન ડીસામાં પધારશે

બનાસકાંઠા જિલ્લાના ડીસા મુકામે આજે ૧૦ ડિસેમ્બરના રોજ સવારે ૯.૦૦ વાગે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી બનાસ ડેરી આયોજીત કાર્યક્રમોમાં પધારશે. વડાપ્રધાનના આગમનને લઈ બનાસવાસીઓમાં અભૂતપૂર્વ હર્ષ અને ઉત્સાહનો શાનદાર માહોલ છવાયો છે. બનાસકાંઠા સહીત સમગ્ર ઉત્તર ગુજરાતના લોકો વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું ઉમળકાભેર ભવ્ય સ્વાગત કરવા અને સાંભળવા લાખોની સંખ્યામાં ઉમટશે. કાર્યક્રમને અનુલક્ષી જિલ્લા વહીવટીતંત્ર અને બનાસ ડેરી દ્વારા વ્યાપક વ્યવસ્થા કરવામાં આવી છે.

આ પ્રસંગે વડાપ્રધાનના હસ્તે ખેડૂતો અને પશુપાલકોની સંસ્થા બનાસ ડેરીના વિવિધ પ્રોજેક્ટસનું લોકાર્પણ અને જાહેરાત કરવામાં આવશે.બનાસ ડેરી દ્વારા રૂ. ૩૫૦ કરોડના ખર્ચથી ચીજ પ્લાન્ટ અને વ્હે પાઉડર પ્લાન્ટ બનાવવામાં આવ્યા છે. આ પ્લાન્ટ ભારતમાં સ્ટેટ ઓફ ધી આર્ટ ટેકનોલોજી ધરાવતો અદ્યતન પ્લાન્ટ છે. જેની પ્રતિદિનની ક્ષમતા ૩૦ મે. ટન છે. આ પ્લાન્ટમાં પ્રોસેસ્ડ ચીઝ અને માજરેલા ચીઝ (પીઝા ચીઝ) બનાવી અમૂલ બ્રાન્ડના નામથી માર્કેટીંગ કરવામાં આવશે. વ્હે પાઉડર પ્લાન્ટ પણ અદ્યતન ટેકનોલોજીવાળો પ્લાન્ટ છે. જેની પ્રતિદિનની ઉત્પાદન ક્ષમતા ૪૦ મે. ટનની છે. દૂધમાંથી ચીઝ બનાવ્યા પછી આસવાણીમાંથી જે મિલ્ક સોલીડ હોય તેને રીકવર કરવા માટે સ્ટેટ ઓફ ધી આર્ટ વ્હે પ્લાન્ટ બનાવાયો છે. આ પ્લાન્ટમાં આસવાણી એકત્રિત કરી પ્રોસેસ કરી તેમાંથી મીનરલ કાઢી પ્રોડક્ટ બનાવી શકાય છે.

બનાસડેરીએ પોતાના સંસાધનોમાંથી કાંકરેજ ગૌવંશ સુધારણા પ્રોજેક્ટ તૈયાર કર્યો છે અને આગામી ૧૦ વર્ષમાં દૈનિક સરેરાશ ૧૦ લીટર દૂધ આપતી ૧૦ લાખ કાંકરેજી ગાયો તૈયાર કરવામાં આવશે જેનાથી જિલ્લાની વિકાસકૂચને ઝડપી વેગ મળશે. જિલ્લાની આગવી ઓળખ દેશી કાંકરેજી ગાયના દૂધને અમૂલ એ-૨ મિલ્ક તરીકે માર્કેટમાં મુકવાનો શુભારંભ પણ કરવામાં આવશે.

# હિંમતનગરની ગુર્જર ભારતી આશ્રમ શાળામાં રીવોલ્વરની અણીએ લૂંટ

**અંગત અદાવતમાં આશ્રમ શાળાના સંચાલક મામાને ભાણીયાઓએ જ જાનથી મારી નાખવાની ધમકી આપી : વિશ્વ હિન્દુ પરિષદના હોદ્દાના નશામાં ભાણીયો દિલીપ ચૌધરી ગુંડાગીરી પર ઉતરી આવ્યો : પાંચ સામે પોલીસ ફરિયાદ**

હિંમતનગર, તા. ૯

હિંમતનગરના ભોલેશ્વર ખાતે આવેલી ગુર્જર ભારતી આશ્રમ શાળાના સંકુલની ઓરડીમાં સંચાલકના ભાણીયાઓ રહે છે. આ અંગે ઘણા સમયથી હાઈકોર્ડમાં કેસ ચાલુ છે તેનો નિકાલ આવ્યો નથી. આ અંગત અદાવતમાં ભાણીયાઓએ અન્ય સગાઓ સાથે રીવોલ્વર અને લાકડીઓ જેવા હથિયારો લઈને ભય બતાવી તેમના મામા આશ્રમ શાળાના સંચાલકને જાનથી મારી નાખવાની ધમકી આપી મામાના પરિવારના સભ્યો પાસેથી સોનાના દાગીનાની લૂંટ ચલાવી હોવાની ફરિયાદ બાબુભાઈ વાઘેલાએ નોંધાવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર હિંમતનગરના ભોલેશ્વર ખાતે ગુર્જર ભારતી આશ્રમ શાળા ગુર્જર ભારતી કેન્દ્રીય વિદ્યાલયના પ્રમુખ તરીકે ઘણા સમયથી બાલુભાઈ વાઘેલા સેવાઓ આપે છે. બાલુભાઈ વાઘેલા તેમની ધર્મપત્ની તથા ત્રણ ભત્રીજા અને તેમના પરિવાર સાથે રહે છે. બાલુભાઈ વાઘેલાને આશ્રમ શાળાની ઓરડી મામલે તેમના જ ભાણીયાઓ સાથે ચેરીટી કમિશ્નર તથા હાઈકોર્ટમાં કેસ ચાલે છે. જેનો કોઈ નિકાલ થયો નથી. ગતરોજ સંસ્થાના કાર્યાલયની બહાર ૧૨ વાગ્યાના સુમારે વોચમેન સાથે ભાણીયા દિલીપ મનસુખ ચૌધરી જે હિંમતનગરમાં વિશ્વ હિન્દુ પરિષદનો કાર્યકર છે તથા ગીરીશ છગનભાઈ ચૌધરી, રાજેશ મનસુખ ચૌધરી, અમીત દિલીપભાઈ ચૌધરી અને મીનાબેન રાજેશભાઈ ચૌધરી લાકડીઓ અને રીવોલ્વર જેવા હથિયારો લઈ માથાકુટ કરતા હતા. ત્યારે સંચાલક મામાએ આવી પુછતા ભાણીયાઓએ ઉગ્ર બોલાચાલી કરી ઝઘડો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. થોડીવાર બાદ બાલુભાઈએ પોતાની પત્ની તથા ભત્રીજાઓને ફોન કરી બોલાવતા ભત્રીજાઓ ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા.



જ્યા બધા વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ અને મામાને જાનથી મારી નાખવાની ધમકી આપી હથિયારોથી ભય બતાવી ભાણીયાઓએ અઢી તોલાનું સોનાનું મંગળસૂત્ર, બે તોલાની સોનાની મગમાળા તથા દોઢ તોલાની સોનાની ચેઈન મળી કુલ રૂ. ૧૪૭૦૦૦ની મત્તાના સોનાના દાગીનાની લૂંટ ચલાવી હતી. આ મામલે સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી જવા પામી હતી. આ મામલે ફરિયાદ બાલુભાઈ વાઘેલાએ પાંચ શખ્સો વિરૂદ્ધમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# પાલનપુરમાં ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ઉમેદવારોનો ધસારો



પાલનપુર, તા.૯

બનાસકાંઠા જિલ્લામાં ગ્રામ પંચાયતની ચૂંટણીનો જંગ જામ્યો છે. આજે ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ફોર્મ ભરવાનો પાંચમો દિવસે ૧૪ તાલુકાઓમાં સરપંચ અને સભ્યો ફોર્મ ભરવા માટે સરકારી કચેરીમાં ભીડ જામી હતી. શિયાળાની ઠંડીમાં ગ્રામ પંચાયતની ચૂંટણી લઈને જિલ્લાના ગામડાઓમાં ગરમી માહોલ જોવા મળી રહ્યો છે. આજે જિલ્લા મથક પાલનપુરમાં મામલતદાર અને તાલુકા પંચાયતના કચેરીમાં તાલુકાના સરપંચ અને સભ્યોની ઉમેદવારી ફોર્મ ભરવા ભરચક ભીડ જામી હતી.

બનાસકાંઠા જિલ્લા યોજાનારી ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણી જિલ્લા ૧૪ તાલુકામાં ૬૩૨ ગ્રામ પંચાયતની ચૂંટણી ૧૮૮૫ મતદાન મથકો પર યોજાશે જેને લઈને જિલ્લા ચૂંટણી પંચે તડામાર તૈયારી નો શરૂ કરી દીધી છે. તો બીજી તરફ ગ્રામ પંચાયતની ચૂંટણીના માહોલ વચ્ચે પાલનપુર તાલુકાની ભૂતડી ગ્રામ પંચાયતને ત્રીજી વખત બિનહરીફ કરવાનું ગામ લોકો એ નક્કી કર્યું છે. જોકે હવે જોવાનું એ રહેછે કે ગ્રામ પંચાયતની ચૂંટણીના ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાની છેલ્લા દિવસે જ માલુમ પડશે કે જિલ્લા કેટલી ગ્રામ પંચાયત બિનહરીફ થાય છે.

# નોટબંધી બાદ ધાનેરામાં યુનિયન બેંકના એટીએમ પર તાળાબંધી

ધાનેરા, તા. ૯

ધાનેરામાં નોટબંધીના કારણે ૫૦૦ અને ૧૦૦૦ની નોટો લોકોએ બેંકોમાં જમા કરાવી દીધી છે. પરંતુ હવે નાણા પરત લેવામાં નાગરિકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

ધાનેરામાં નોટબંધી બાદ તમામ એટીએમ મશીન પણ ઠપ્પ પડ્યા છે. રોજ નાગરિકો રૂપિયા લેવા એટીએમે આવે છે પરંતુ વિલા મોઢે પાછા જાય છે. જ્યારે કલાકો સુધી લાઈનમાં ઉભા રહી બેંકોમાંથી માત્ર રૂ. ૨૦૦૦ જ મળે છે. જેથી નાગરિકો પેરશાન છે, અને છતાં પૈસે લાચાર થઈ ગયા છે. જ્યારે કેટલાક બેંક મેનેજરો અંદરખાને પોતાના અંગત વ્યક્તિઓને નાણા સગેવગે કરી આપે છે તેવી અનેક ફરિયાદો ઉઠવા પામી છે.

## મહેસાણા જિલ્લામાં કેશલેસ વ્યવહાર બાબતે તંત્ર દ્વારા ખાસ ઝુંબેશ હાથ ધરાઈ

મહેસાણા, તા. ૯

જિલ્લામાં નાગરિકો ઈ-પેમેન્ટ સરળતાથી કરી શકે તેમજ એકાઉન્ટ ખોલાવવા ઝુંબેશ સ્વરૂપે કામગીરી હાથ ધરાઈ છે. જેમાં જિલ્લાના વિવિધ અધિકારીઓને વિવિધ કામગીરી આપવામાં આવી હતી. આ સમગ્ર કામગીરી માટે જિલ્લા તિજોરી અધિકારીને નોડલ અધિકારી તરીકે નિમણુંક કરાઈ છે.

# કાંકરેજની ૬૦ ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં ૪૧૦ ઉમેદવારીપત્રો ભરાયા

કાંકરેજ, તા.૯

કાંકરેજ તાલુકાની ગ્રામ પંચાયતોની સામાન્ય ચુંટણીમાં ૬૦ ગ્રામ પંચાયતોની ચુંટણીનું જાહેરનામું બહાર પડતા જ રાજકીય ગરમાવા વચ્ચે ચૂંટણી જંગ ખેલવા ઉમેદવારો મેદાને ઉતરી પડયા છે.

કાંકરેજ તાલુકાનું રણાવાડા (જા) ગામમાં ૧૯૮૦ માં પ્રથમ ચુંટણી યોજાઈ હતી. ત્યાર પછી ૨૦૧૬સુધી સતત બિનહરિફ ગ્રામ પંચાયતના વિરૂધ્ધ હાંસલ કર્યા છે પરંતુ તાજેતરમાં ઘણા વર્ષો બાદ રણાવાડામાંથી એક જ કુટુંબના બે ઉમેદવારોએ ઉમેદવારી પત્રો ભરતા સમગ્ર બ્રહ્મસમાજથી માંડી કાંકરેજ તાલુકો અચંબામાં પડી ગયો છે. જેમાં સામાજીક કાર્યકર નયનાબેન રાવલ અને જયોતિબેન રાવલ બંને વચ્ચે ચૂંટણી જંગમાં સીધી ચક્કર છે ત્યારે બ્રહ્મસમાજનું રણાવાડા ગામ એ જાગીર તરીકે ઓળખાય છે.

કાંકેરજ તાલુકામાં સરપંચના ૧૩૫ વોર્ડના ૨૮૬ કુલ ૪૧૦ ઉમેદવારી પત્રો ભરાયા છે જે હજુ પણ ચાલુ જ છે. ૧૨મીએ ફોર્મ ચકાસણી તથા ૧૪મીએ ફોર્મ પાછા ખેંચવાની તેમજ ૨૭મીના રોજ મતદાન યોજાશે અને ૨૯મીએ મતગણતરી યોજાશે.

Govt. of Delhi Regd. No. 3809 (India)
www.bhse.co.in
Board of Higher Secondary Education, Delhi
Regd. Office : Lucknow 536/190/Madheyganj Khadra, Sitapur Road, Lucknow, UP-226020
Help Line : 9599121061
E-mail : bhseboarddelhi2012@gmail.com
10वीं व 12वीं फेल छात्र निराश न हों
दसवीं व बारहवीं पास करके अपना भविष्य बना सकते हैं।
8वीं पास – 10वीं करें और 10वीं पास – 12वीं करें।
प्राईवेट स्कूल व कोचिंग सेंटर
मान्यता प्राप्त बोर्ड से पत्राचार कोर्स की मान्यता
लेकर अपना ब्रांच खोलें और लाखों में कमाएँ
प्रशिक्षण माध्यम हिन्दी – अंग्रेजी, उर्दू, मराठी, पंजाबी, बंगाली, संथाली मान्यता : दिल्ली, मध्यप्रदेश, बिहार, मिजोरम, जम्मू, कलकता, हिमाचल, उत्तर प्रदेश, राजस्थान, उड़ीसा, सिक्किम आदि दसवीं व 12वीं
प्रत्राचार कोर्स अवधि : छः महिने (सही भाषाओं में)
आप अपने जिले में हमारे बोर्ड का शिक्षा केन्द्र भी खोल सकते हैं जिसका शुल्क 55,000/- रूपये हैं।
Last Date 31-12-2016
Our board is affiliated by All State / Central Government under Article 14 Act 1921 and has been recognised by MHRD
All exams will be held in April 2017 in All over India and results will be declared in 1st week of June 2017
तुरन्त पूरी जानकारी पाने हेतु अपना ईमेल आईडी हमारे मोबाईल या मेल पर भेजें।

## જિલ્લામાં ડીઝીટલ પેમેન્ટ માટે ખાસ ઝુંબેશ ચલાવાશે

ગાંધીનગર જિલ્લામાં નાણાકીય વ્યવહારો ડીઝીટલાઈઝ થાય અને લોકો ઈ – પેમેન્ટ પધ્ધતિ અપનાવે તે માટે જિલ્લાના વિવિધ વિભાગોના અધિકારીઓને જિલ્લા કલેક્ટરશ્રી સતીષ પટેલે સક્રિય પ્રયાસો હાથ ધરવાની સૂચનાઓ આપી છે. ગાંધીનગર જિલ્લાના વિવિધ વિભાગના અધિકારીઓની મળેલ બેઠકમાં રાજય સરકારના તમામ અધિકારી-કર્મચારીઓ ઈ – વોલેટ ક્રેડિટ અને ડેબીટ કાર્ડનો ઉપયોગ કરીને રોકડમાં થતા નાણાકીય વ્યવહારોની ક્રાઈસીસ દૂર થાય તે માટે દરેક વિભાગના નોડલ અધિકારીની નિમણુંક કરીને રોજબરોજનો રીપોર્ટ રજુ કરવા જણાવ્યું છે. ગાંધીનગર દેના બેંકના લીડ મેનેજરશ્રી અતુલસિંહ જેતાવત અને નિવાસી અધિક કલેકટરશ્રી એચ.એમ. જાડેજાએ અધિકારીઓ–કર્મચારીઓ ડીઝીટલ પેમેન્ટ પધ્ધતિ અપનાવે અને તાલુકા –ગ્રામ્ય કક્ષા સુધીના લોકો ઈ–પેમેન્ટ માટે આકર્ષાય અને ટેકનોલોજીનો ઉપયોગ કરે તે માટે દરેક વિભાગના માસ્ટર ટ્રેઈનર દ્વારા વધુ સંખ્યામાં અવરનેસ કેમ્પોના આયોજન દ્વારા લોકોને ઈ – પેમેન્ટ માહિતીની જાણકારી આપવા જણાવ્યું હતું.

માણસા તાલુકાનું ગુલાબપુરા ગામ જિલ્લાનું પ્રથમ કેશલેસ વિલેજ બનશે તેનો ઉલ્લેખ કરી જિલ્લા કલેકટરશ્રી સતીષ પટેલે તાલુકા – ગ્રામ્ય સ્તર સુધી અવરનેસ કેમ્પ કરીને તલાટીથી માંડીને ગ્રામ્ય કક્ષાએ વધુમાં વધુ માસ્ટર ટ્રેઈનરો દ્વારા ડીઝીટલ ઈ-પેમેન્ટ દ્વારા ગાંધીનગર જિલ્લાને ડીઝીટલાઈઝ કરવા પર ખાસ ભાર મુકયો હતો. આ બેઠકમાં દેના બેંકના લીડ મેનેજરશ્રી અતુલસિંહ જેતાવત, પ્રાંત અધિકારીશ્રી રાકેશ વ્યાસ, જિલ્લા પુરવઠા અધિકારીશ્રી નિશા શર્મા સહિત જિલ્લાના વિવિધ વિભાગોનાં અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.



ગાંધીનગર ખાતે શનિવારે સોનિયા ગાંધીના જન્મદિવસ નિમિત્તે જિલ્લા કોંગ્રેસ અને શહેર કોંગ્રેસ દ્વારા નાના બાળકોને બિસ્કિટ અને ચોકલેટ વિતરણનો કાર્યક્રમ સેક્ટર ૩ એ ન્યુ ખાતે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી, શહેર કોંગ્રેસ પ્રમુખ કૌશિક શાહ, પ્રદેશ પ્રવક્તા નિશિત વ્યાસ, બાબુસિંહ ઠાકોરની ઉપસ્થિતિમાં યોજાયો હતો. જે પ્રસંગે ગાંધીનગર શહેર અને જિલ્લાના આગેવાનો-કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### અગસ્ટા વેસ્ટલેન્ડ... ● અનુસંધાન ત્રીજાનું ચાલુ

વાતચીત ચાલી રહી હતી તે સમયે તેમણે મુલાકાત કરી હતી. તેમના કહેવા પ્રમાણે ૧૫મી ફેબ્રુઆરી ૨૦૦૫ના દિવસે તેઓ ફિનમેક્કેનિકાના સીઓઓ જ્યોર્જિયા જાપાન સાથે દિલ્હીમાં મળ્યા હતા. સીબીઆઈના સૂત્રોના જણાવ્યા મુજબ આ ત્રણેયને અવૈદ્ય અને ભ્રષ્ટ રસ્તાઓ અપનાવીને પ્રેશર ટેકનિકનો ઉપયોગ કરીને ગેરકાયદેસરરીતે ફાયદો લેવાના આરોપમાં પકડવામાં આવ્યા છે. સીબીઆઈએ પૂર્વ વાયુસેના પ્રમુખ એસપી ત્યાગીની સાથે ગૌત્તમ ખેતાન અને સંજીવ ત્યાગી ઉર્ફ જુલી ત્યાગીની પણ ધરપકડ કરી છે. સીબીઆઈના સૂત્રોના જણાવ્યા મુજબ પૂર્વ વાયુ સેનાના પ્રમુખ એસપી ત્યાગીના સંજીવ ત્યાગી એ પિતરાઈ ભાઈ થાય છે ત્યાં બીજી તરફ ગૌત્તમ ખેતાન પણ ત્યાગીના ભાઈ છે.

ફ્લેટ વેચવાનો છે
પહેલો માળ, ૮૬ વાર, રેડી પઝેશન, 1 BHK, ગેસ પાઈપ લાઈન, અક્ષર હોમ્સ, ભૂમિ પાર્ક પાછળ, વાવોલ.
(દલાલ આવકાર્ય)
મો. ૯૮૯૮૦૬૭૦૨૭
મો. ૯૭૨૫૮૦૫૮૭૩

ટૂંકી મુદતની ઓનલાઈન જાહેર નિવિદા નં. ૭/૨૦૧૬-૧૭

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, સચિવાલય સંકુલ વિદ્યુત પેટા વિભાગ નં.૩, પાટનગર યોજના ભવન, સેક્ટર નં.૧૬, બ્લોક નં. 'એ', પ્રથમ માળ, ગાંધીનગર-૩૮૨૦૧૬ (ફોન નં. ૨૩૨-૫૯૪૭૧/૭૨) દ્વારા ગાંધીનગર ગાંધીનગર ખાસ વિજળીકરણના ૧ કામના કોરા ટેન્ડર જેની અંદાજીત રકમ રૂ. ૨,૯૮,૩૦૮-૨૫ પૈસા છે.

જે યોગ્ય શ્રેણીમાં નોંધણી થયેલ વિદ્યુત પરવાના ધરાવતા ઠેકેદાર ઈ-૨ અને ઉપરના ઠેકેદાર પાસેથી ટેન્ડર મંગાવવામાં આવે છે. ટેન્ડર ઓનલાઈન www.nprocure.com ઉપરથી તા. ૧૪/૧૨/૨૦૧૬ સમય : ૧૪.૦૦ કલાક) સુધી અપલોડ / ડાઉનલોડ કરી શકાશે. તા. ૧૪/૧૨/૨૦૧૬ બપોર (૧૪.૦૫) કલાકે ટેન્ડર ખોલવામાં આવશે. આ કામની વિગતવાર નોટીસ પેટા વિભાગીય કચેરીના નોટીસ બોર્ડ પર મુકવામાં આવેલ છે.

માહિતી/૨૧૮૨/૧૬-૧૭